




We must watch over our thoughts - a bad thought is the most dangerous of thieves.

With my blessings
- The Mother

આપણા વિચારોની ઉપર આપણે ચોકી રાખવી જોઈએ - એક ખરાબ વિચાર એ સૌથી ભયંકર ચોર છે.

મારા આશીર્વાદ સાથે
- શ્રી માતાજી





To follow the path to the end, one must be armed with a very patient endurance.

With my blessings
- The Mother

માર્ગના અંત સુધી પહોંચવા માટે, આપણે ઘણી ધીરજ ભરેલી સહનશક્તિથી સજ્જ રહેવું જોઈએ.

મારા આશીર્વાદ સાથે
- શ્રી માતાજી




The victory is to the most enduring.

With my blessings
- The Mother

પરમ વિજય એને માટે છે જે સૌથી વધુ સહન કરે છે.

મારા આશીર્વાદ સાથે
- શ્રી માતાજી

Mantras of the Mother: 17 Sept 1954 / 4 Sept 1954 / 6 Sept 1954
શ્રી માતાજીના મંત્રો: ૧૭ સપ્ટેમ્બર ૧૯૫૪ / ૪ સપ્ટેમ્બર ૧૯૫૪ / ૬ સપ્ટેમ્બર ૧૯૫૪

**From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470**
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • **December 2019**
**https://themothersprosperity.org**

# Prosperity


શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2019**
DECEMBER
૧ ડિસેમ્બર, ૨૦૧૯

## The Divine Grace ... પ્રભુની કૃપા

### વિરોધી શક્તિઓ

૨/૨




The Divine Grace is with us and never leaves us even when the appearances are dark.

With my blessings
- The Mother

પ્રભુની કૃપા આપણી સાથે છે અને બધું અંધકારમય લાગતું હોય ત્યારે પણ એ આપણો સાથ નથી છોડતી.

મારા આશીર્વાદ સાથે
- શ્રી માતાજી

Mantras of the Mother - 17 August 1954 / શ્રી માતાજીના મંત્રો - ૧૭ ઑગસ્ટ ૧૯૫૪

## — વિરોધી શક્તિઓનું કાર્ય —

**પ્રશ્ન : વિરોધી શક્તિઓના કાર્યને લીધે ઊભી થતી મુશ્કેલીઓ અને નિમ્ન પ્રકૃતિના સ્વાભાવિક વિરોધમાંથી ઊભી થતી મુશ્કેલીઓ એ બેની વચ્ચે શો ફેર હોય છે?**

**ઉત્તર :** માણસોમાં રહેલી નિમ્ન પ્રકૃતિમાંથી જ સ્વાભાવિક રીતે જે વિરોધ ઊઠતો હોય છે તે અને વિરોધી શક્તિઓનું કાર્ય એ બે તદ્દન જુદી વસ્તુઓ છે. નિમ્ન પ્રકૃતિમાંથી ઊઠતો વિરોધ એ એક સ્વાભાવિક વસ્તુ છે અને દરેક માણસમાં એવો વિરોધ ઊઠતો હોય છે. ત્યારે વિરોધી શક્તિઓનું કાર્ય તે મનુષ્યેતર સૃષ્ટિમાંથી ઊતરી આવતા એક અંત:પ્રવેશ જેવું હોય છે. પરંતુ આ અંત:પ્રવેશ બે રૂપે થતો હોય છે.

(૧) આ વિરોધી શક્તિઓ નિમ્ન પ્રકૃતિનાં બળોનો ઉપયોગ કરી લઈને યા તો તેમના ઉપર દબાણ મૂકીને એવી પરિસ્થિતિ ઊભી કરે છે કે આ પ્રકૃતિનાં બળો સામાન્ય રીતે જ્યાં શાંત રહેતાં હોય છે ત્યાં વિરોધ કરતાં થઈ જાય છે, એમનો વિરોધ જ્યાં થોડોક અમથો અથવા તો હળવા પ્રકારનો થવાનો સંભવ હોય છે ત્યાં એ વિરોધને તેઓ જોરદાર યા તો ઉગ્ર રીતનો બનાવી દે છે અને એ વિરોધ જ્યારે ઉગ્ર રૂપનો હોય છે ત્યારે એની ઉગ્રતાને તે ખૂબ જ વધારી મૂકે છે. વળી આ વિરોધીઓ જ્યારે આ નિમ્ન પ્રકૃતિનાં બળો ઉપર કામ કરતાં હોય છે ત્યારે એ બળોના સ્વાભાવિક રીતના વિરોધમાં દેખાતી હોતી નથી એવી એક દુષ્ટ રીતની હોશિયારી પણ આવી જાય છે, એક સભાન રીતની યોજના અને સંગઠન જેવું પણ આવી જાય છે.

(૨) આ વિરોધી શક્તિઓ કેટલીક વાર પોતાનાં આગવાં બળો દ્વારા જ હુમલો કરે છે. આવું બનતું હોય છે ત્યારે તેઓ ઘણી વાર માણસનો કામચલાઉ કબજો લઈ લે છે અથવા કાંઈ નહિ તો માણસ ઉપર પોતાનો એવો તો જોરદાર પ્રભાવ નાખે છે કે માણસના વિચારો, લાગણીઓ, કાર્યો બધું જ અસમધારણ બની જાય છે – માણસનું મગજ આંધળું ભીંત થઈ જાય છે, એના પ્રાણમાં એક વમળ ચડી આવે છે, પોતાનાં બધાં કાર્યો એ જાણે અસહાય રીતે કરતો હોય, કોઈ મહા જબરી શક્તિ એની પાસે અવશપણે કામ કરાવતી હોય એવી રીતે થવા લાગે છે. અથવા તો એ શક્તિઓ માણસનો પૂરેપૂરો કબજો ન લેતાં એના પર માત્ર એક જોરદાર અસર મૂકી દેતી હોય છે. એવી સ્થિતિમાં આ લક્ષણો એટલાં બધાં સ્પષ્ટ હોતાં નથી. પરંતુ જે માણસ આ શકિતઓની કાર્યપદ્ધતિથી માહિતગાર હોય છે તેને તો સહેલાઈથી જણાઈ આવે છે કે કઈ વસ્તુ બની છે. અને છેલ્લે એવું પણ હોઈ શકે છે કે એ શક્તિઓનો ફક્ત એક હુમલો જ આવતો હોય છે. એ સ્થિતિમાં આ શકિતઓ માણસનો કબજો લેતી નથી હોતી યા તો તેના પર પોતાનો પ્રભાવ નાખતી નથી હોતી, તે વખતે માણસ એ શક્તિઓને વશ થઈ ગયેલો હોતો નથી, તેમનાથી તે અલગ રહેલો હોય છે અને તેમનો સામનો કરતો રહે છે.

કેટલાક માણસો એવા હોય છે કે તેમને વિરોધી શકિતઓ કદી સ્પર્શ કરી શકતી નથી.

૨૪.૮.૧૯૩૭

- શ્રી અરવિન્દ

દક્ષિણા-એપ્રિલ ૧૯૫૭ / પુ.૧૦-અંક ૪-પૃ.૨૪૬

## — વિરોધી શક્તિઓ અને તેમનું પરિવર્તન —

**પ્રશ્ન: વિરોધી શક્તિઓ માણસનો કબજો લે છે ત્યારે તેના ચૈત્ય પુરુષનું, સાચા આત્માનું શું થતું હોય છે?**

**એનો આધાર** પેલી શક્તિએ કેટલા પ્રમાણમાં કબજો લીધેલો હોય છે તેના ઉપર રહે છે. સામાન્ય રીતે તો આ કબજો ક્રમે ક્રમે લેવાતો જાય છે. પ્રથમ તો માણસ આ શક્તિઓના પ્રભાવ હેઠળ આવે છે, અને તે પણ પૂરેપૂરો નહિ પણ તેના અમુક ભાગમાં અને અમુક વખત માટે જ આવે છે. એ પ્રભાવ પછીથી કાયમી બનતો જાય છે તથા એ ભાગમાં વિકૃતિ આવવા લાગે છે અને તે એ શક્તિના પ્રભાવને પ્રગટ કરવા માટેનું એક કાયમનું માધ્યમ બની રહે છે. પછીથી, પોતાનો પ્રભાવ મૂકનારી એ આસુરી શક્તિ પેલા ભાગમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કરે છે. પરિણામે માણસમાં એક સંઘર્ષ ઊભો થાય છે, એક પ્રકારનો આંતર વિગ્રહ રચાય છે. માણસ આ પ્રભાવનો વિરોધ કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેનામાં પછી એક કટોકટીની સ્થિતિ ઊભી થઈ જાય છે. એ કટોકટી કોઈક વાર તેના જ્ઞાનતંતુઓ ઉપર પણ અસર કરે છે, તેના આરોગ્યને પણ હાનિ પહોંચાડે છે. અને આવી રીતના સતત સંઘર્ષને પરિણામે માણસની સમતુલામાં, એની શારીરિક સમતુલામાં પણ ઠીક ઠીક ભંગાણ પડી જાય છે.

હવે, આ શક્તિના પ્રભાવની સામે કેવી રીતે થવું એ તમને જો આવડતું ન હોય, અને એ શક્તિની પકડને ફેંકી દેવામાં તમે જો સફળ ન થઈ શકો તો પછી જે શક્તિએ તમારા એક ભાગનો કબજો લીધો હોય છે તે એક ઑક્ટૉપસની માફક ધીરેધીરે અને બધા ભાગોમાં પોતાના પંજા ફેલાવતી જાય છે અને છેવટે તમારો પૂરેપૂરો કબજો લઈ લે છે. તે પછી એ માણસ કાં તો લગભગ સાનભાન ગુમાવી બેસે છે, યા તો પછી એક રીતનો રાક્ષસ બની જાય છે અને તેનો ચૈત્ય પુરુષ તેને છોડીને ચાલ્યો જાય છે. પરંતુ સદ્ભાગ્યે આવા કિસ્સા બહુ વિરલ બને છે. સામાન્ય રીતે માણસમાં ચૈત્ય પુરુષ એટલો તો બળવાન હોય છે કે તે આ શક્તિનો સામનો કરી લઈ શકે છે. આવા દાખલાઓમાં ઘણી વાર પછી એમ જ બનતું રહે છે કે માણસમાં આ બે પક્ષો વચ્ચે સંઘર્ષ સતત ચાલ્યા જ કરે છે. અને છેવટે જતાં માણસ, ખાસ કરીને એનો ચૈત્ય પુરુષ જો પોતાના કરતાં કોઈ મોટી શક્તિનું આલંબન લેવાનું જાણતો હોય છે તો, એ પ્રભાવને ફેંકી દઈને મુક્ત બની શકે છે. માત્ર જ્યારે માણસનો પેલી શક્તિએ સંપૂર્ણ કબજો લઈ લીધો હોય એવા છેલ્લી હદના દાખલામાં જ ચૈત્ય પુરુષ માણસને છોડીને જતો રહે છે.

- શ્રી માતાજી

'દક્ષિણા'-એપ્રિલ ૧૯૫૭.
પુ.૧૦-અંક ૪-પૃ.૨૪૩.